# તાલુકા મેજીસ્ટ્રેટ અને મામલતદાર કપડવંજ ની સરમુખત્યાર શાહી તેમજ કામગીરી સામે સવાલ!!!

ગુજરાત રાજ્ય તલાટી કમ મંત્રી મહામંડળ ધ્વારા તા.૦૭/૦૯/૨૦૨૧ થી ગુજરાત સરકારમાં આંદોલનો તારીખ વાઈઝ કાર્યક્રમ આપેલ છે. જેમાં તા.૦૧/૧૦/૨૦૨૧ ને શુક્રવારના રોજ ગુજરાતના તમામ આશરે ૯ હજારથી વધુ તલાટી કમ મંત્રીશ્રીઓ પોત પોતાની તાલુકા પંચાયત કચેરી આગળ એક દિવસ માસ સી.એલ (રજા) મૂકી શાંતિ પૂર્ણ રીતે ધરણા કાર્યક્રમ કરવા જણાવેલ છે.

ખેડા જિલ્લામાં પણ તાલુકા તલાટી કમ મંત્રી મંડળો ધ્વારા તાલુકા મેજીસ્ટ્રેટ અને મામલતદાર પાસે એક દિવસ માટે શાંતિ પૂર્ણ રીતે કોઈ પણ ઉગ્ર વિરોધ કર્યા વગર ધારણા કરવા મંજુરી માંગેલ હતી,જેમાં નડિયાદ,ગળતેશ્વર, ઠાસરા, કઠલાલ........ મોટા ભાગના તાલુકાના મેજીસ્ટ્રેટ અને મામલતદાર ધ્વારા ધરણા કાર્યક્રમ માટે મંજુરી આપેલ છે .

જયારે કપડવંજ તાલુકા તલાટી કમ મંત્રી મંડળને તાલુકા મેજીસ્ટ્રેટ અને મામલતદાર ધ્વારા એક દિવસના ધરણા માટે મેં.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી નડિયાદના તા.૦૫/૦૮/૨૦૨૧ના હુકમ અનુસાર મંજુરી આપવામાં આવેલ નથી .

ત્યારે સવાલ એ થાય કે ખેડા જીલ્લાના અન્ય તાલુકામાં ધારણા માટે મંજુરી મળતી હોય તો કપડવંજ તાલુક માં કેમ નહિ????

મામલતદાર સાહેબ કપડવંજની આ નીતીથી ભારતના બંધારણના મૂળભૂત અધિકારોના અનુચ્છેદ

૧૯-વાણી સ્વાતંત્ર્ય અને રક્ષણ

૧૯ (અ) વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય

૧૯ (બ) શાંતિ પૂર્વક શાસ્ત્રો વિના એકઠા થવું

૧૯ (સી) સંગઠનો,સંઘો અને મંડળો રચવા

ઉપરોક્ત અનુચ્છે હેઠળ મૂળભૂત અધિકારોનું હનન થતું હોય તેવું સ્પષ્ટ રીતે ફલિત થાય છે આ રીતે કપડવંજ તાલુકા મેજીસ્ટ્રેટ અને મામલતદાર ની સરમુખત્યાર શાહી અને કામગીરી સામે ગુજરાત ભરમાં ચર્ચાના વંટોળે વેગ પકડ્યો છે.

Scanned with CamScanner

# મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ની કચેરી,કપડવંજ
## તાલુકા સેવા સદન,કપડવંજ મુ.તા.કપડવંજ જી.ખેડા

ફોન નં.૦૨૬૯૧(૨૫૨૬૨૬)
Email – mam-kapadwanj@gujarat.gov.in

નં.પીઓએલ/વશી/૩૬૬...../૨૦૨૧
તા.૩૦/૦૯/૨૦૨૧

પ્રતિ,
પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી
કપડવંજ તાલુકા તલાટી કમ મંત્રી મંડળ
તા.કપડવંજ જિ.ખેડા

વિષયઃ– તાલુકા પંચાયત કચેરી કપડવંજ ખાતે બેનર સાથે એક દિવસ ધરણા માટે મંજુરી આપવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે તમોએ તા.૩૦/૦૯/૨૦૨૧ ની અરજીથી તા.૦૧/૧૦/૨૦૨૧ ના રોજ કપડવંજ તાલુકાના તમામ તલાટી કમ મંત્રીશ્રીઓ માસ સી.એલ મુકી તાલુકા પંચાયત કચેરી કપડવંજ ના કમ્પાઉન્ડમાં સવારે ૧૦ : ૩૦ થી સાજે ૦૬ : ૧૦ સુધી ધરણા પર બેસવાની મંજુરી માંગેલ છે.

મે.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,નડીઆદ ના હુકમ નં.પીઓએલ(૧)/વશી/૪૦૭૦–૪૧૦૯ તા.૦૫/૦૮/૨૦૨૧ થી સરકારી કચેરીઓના કમ્પાઉન્ડમા તેમજ બહારની ૨૦૦ મીટરની ત્રિજીયાના હદ વિસ્તારમાં ધરણા માટે પ્રતિબંધિત જાહેર કરેલ છે. તદ્અનુસાર ધરણાં કરવા માટે પરવાનગી આપી શકાય તેમ નહી હોવાથી આપની માંગણી નામંજુર કરવામાં આવે છે.જે જાણમા લેશો.

(સહી) ૩૦/૦૯
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કપડવંજ

નકલ જય ભારત સહ રવાના:- પોલીસ ઇન્સપેકટરશ્રી, કપડવંજ ટાઉન તરફ
૨/- જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

Scanned with CamScanner
Scanned with CamScanner

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ મહુધાની કચેરી**
ડાકોર રોડ, મહુધા, તા.મહુધા, જિ.ખેડા ૩૮૭૩૩૫
ફોન નં. (૦૨૬૮)-૨૫૭૨૭૨૦, E-mail :: mam-mahudha@gujarat.gov.in

## તા.૩૦/૦૯/૨૦૨૧ના રોજ ધરણા કાર્યક્રમની પરવાનગી

પ્રમુખશ્રી વી.કે.ચૌધરી મહુધા તાલુકા તલાટી મંત્રી મંડળ ધ્વારા તલાટી સંવર્ગના પડતર પ્રશ્નાંના ઉકેલ માટે તા.૦૧/૧૦/૨૦૨૧ના રોજ સવારના ૧૦:૩૦ થી સાંજના ૦૬:૧૦ કલાક સુધી ધરણા કાર્યક્રમની પરવાનગી માંગેલ છે.જે અંગે પોલીસ ઇસ્પે.શ્રી મહુધા પોલીસ સ્ટેશને તા.૩૦/૦૯/૨૦૨૧ થી અભિપ્રાય આપેલ છે. જેથી નીચે જણાવેલ શરતોને આધિન રહી પરવાનગી આપવામાં આવે છે.

શરતો:-

(૧) ધરણા કાર્યક્રમ તાલુકા પંચાયત કચેરીના કંમ્પાઉન્ડ, મહુધા
(૨) ધરણા કાર્યક્રમમાં જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રચાર કરી શકાશે નહી.
(૩) ધરણા કાર્યક્રમ સમયસર પુર્ણ કરવાનો રહેશે.
(૪) ધરણા કાર્યક્રમમાં કયદો અને વ્યવસ્થા જાળવવાની રહેશે.
(૫) ટ્રાફીકને અડચણ રૂપ ન બને તે રીતે ધરણા કાર્યક્રમનુ આયોજન કરવાનુ રહેશે.
(૬) ધરણા કાર્યક્રમમાં લાઠી અગર ઈજા થાય તેવા હથીયાર, વિસ્ફોટક કે આગ લાગે તેવા પદાર્થ રાખી શકાશે નહી.
(૭) મે.કલેકટર સાહેબના જાહેરનામાં નો ભંગ ન થાય તે ધ્યાને લેવાનુ રહેશે.
(૮) ધરણા કાર્યક્રમ કોવિડ-૧૯ ની ગાઇડ લાઇનનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

મામલતદાર મહુધા

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,મહુધા

નં.પી.ઓ.એલ/વશી/૪૭ /૨૦૨૧
તા.૩૦/૦૯/૨૦૨૧

પ્રતિ,
પ્રમુખશ્રી, વી.કે.ચૌધરી
મહુધા તાલુકા તલાટી મંડળ
તાલુકા પંચાયત કચેરી, મહુધા

જય ભારતસહ નકલ રવાના:- પોલીસ ઇન્સ્પેકટરશ્રી, મહુધા પોલીસ સ્ટેશન મહુધા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

Scanned with CamScanner

# ધરણા અંગેની પરમીશન આપવા બાબત.મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ મુજબ

નં.એમએજિ/પરવાનગી/એસ.આર.નં.૩૬/૨૧

તા.૩૦/૯/૨૦૨૧

અરજદારશ્રી પ્રમુખશ્રી કઠલાલ તાલુકા તલાટી કમ મંત્રી મંડળ, કઠલાલ તા-કઠલાલ, જિ.ખેડા નાઓએ અત્રેની કચેરીએ તા.૩૦/૦૯/૨૦૨૧ ના રોજ અરજી આપી તાલુકા પંચાયત કચેરી, કઠલાલ ખાતે એક દિવસના ધરણા કાર્યક્રમ માટેની પરવાનગીની માંગણી કરેલ છે.

આ કામે પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કઠલાલે સરકારશ્રી ની ગાઈડ લાઈન તથા નિયમો ને આધિન કાયદો અને વ્યવસ્થા જોખમાય નહી તે રીતે તા.૩૦/૦૯/૨૦૨૧ થી હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

આમ અરજદારશ્રી પ્રમુખશ્રી કઠલાલ તાલુકા તલાટી કમ મંત્રી મંડળ, કઠલાલ,તા-કઠલાલ જિ.ખેડાનાઓને નીચે જણાવેલ તારીખ, સ્થળ, અને સમયે કઠલાલ મુકામે એક દિવસના ધરણાં માટે નીચેની શરતોએ પરવાનગી આપવામાં આવે છે.

| તારીખ | સમય | પરવાનગીની વિગત | સ્થળ |
|---|---|---|---|
| ૦૧/૧૦/૨૦૨૧ | સવારના ૧૦:૩૦ થી સાંજના ૦૬:૧૦ કલાક | ધરણા (૩૦ વ્યક્તિ) | તાલુકા પંચાયત કચેરી, કઠલાલ |

**શરતો:-**

૧. ધરણા કાર્યક્રમ તાલુકા પંચાયત કચેરીના કમ્પાઉન્ડ, કઠલાલ
૨. ધરણા કાર્યક્રમમાં જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રોચ્ચાર કરી શકાશે નહી.
૩. ધરણા કાર્યક્રમ સમયસર પૂર્ણ કરવાના રહેશે.
૪. ધરણા કાર્યક્રમમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની રહેશે.
૫. યાતાયાત વ્યવસ્થાને જાહેર વ્યવસ્થાને અડચણરૂપ થાય તેવું કૃત્ય કરવું નહિ
૬. ધરણા કાર્યક્રમમાં લાઠી અગર ઈજા થાય તેવા હથીયાર, વિસ્ફોટક કે આગ લાગે તેવા પદાર્થ રાખી શકાશે નહી.
૭. સરકારશ્રીની કોવીડ-૧૯ની ગાઈડ લાઈનનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ –૨૦૦૫ ની કલમ–૫૧ થી ૬૦ તેમજ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ (સને.૧૮૬૦ નો અધિનિયમ–૪૫) ની કલમ –૧૮૮ હેઠળ શિક્ષાનેપાત્ર થશે. વધુમાં ઉપરાંત, નામદાર સુપ્રીમ કોર્ટમાં ચાલતી SUO MOTO WRIT PETTITION [civil] NO.7 OF 2020 અંતર્ગત નામદાર સુપ્રીમ કોર્ટના તા-૧૮/૧૨/૨૦૨૦ના ચુકાદાથી આપવામાં આવેલ ગાઈડ લાઈન્સની શરતોનું તેમજ ગુજરાત સરકારશ્રીના તા-૨૩/૧૨/૨૦૨૦નાં જાહેરનામામાં આપવામાં આવેલ ગાઈડ લાઈન્સની શરતોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.
૮. મે. કલેકટર સાહેબના જાહેરનામાનો ભંગ ન થાય તે ધ્યાને લેવાનું રહેશે.
૯. ધરણા દરમિયાન તમામે માસ્ક ફરજિયાત પહેરવાનુ રહેશે.
૧૦.ઉપરોક્ત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થશે તો આ હુકમ આપોઆપ રદ્દ ગણાશે.

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને
મામલતદાર,કઠલાલ

પ્રતિ,
અરજદારશ્રી -. પ્રમુખશ્રી કઠલાલ તાલુકા તલાટી કમ મંત્રી મંડળ, કઠલાલ તા-કઠલાલ, જિ.ખેડા
નકલ રવાના:- પો.સ.ઇ.શ્રી કઠલાલ તરફ જાણ તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂં

Scanned with CamScanner
Scanned with CamScanner

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ નડીઆદ (શહેર)ની કચેરી**
ઠે.બ–વિભાગ, ભોંય તળીયે, જિલ્લા સેવા સદન, ડભાણ રોડ, નડીઆદ જિ.ખેડા
ફોન નં.(ઓ) ૦૨૬૮–૨૫૩૧૭૭૦ mam-nadiad@gujarat.gov.in

**તા.૩૦/૯/૨૦૨૧ ના રોજ ધરણા કાર્યક્રમની પરવાનગી**

પ્રમુખશ્રી ડી.જી.ગઢવી નડીઆદ તલાટી મંડળ નડીઆદ ધ્વારા તલાટી મંત્રી સંવર્ગના પડતર પ્રશ્નોના ઉકેલ માટે તા.૧/૧૦/૨૦૨૧ સવારના ૧૦ : ૩૦ થી સાંજના ૬ : ૧૦ કલાક સુધી ધરણા કાર્યક્રમની પરવાનગી માંગેલ છે. જે અંગે પોલીસ ઈસ્પે.શ્રી નડીઆદ ટાઉન પોલીસ સ્ટેશનને તા.૩૦/૯/૨૦૨૧ થી અભિપ્રાય આપેલ છે. જેથી નીચે જણાવેલ શરતોને આધિન રહી પરવાનગી આપવામાં આવે છે.

શરતો :–

(૧) ધરણા કાર્યક્રમ તાલુકા પંચાયત કચેરીના કંમ્પાઉન્ડ, નડીઆદ
(૩) ધરણા કાર્યક્રમમાં જાહેર શુલેહશાંતિ જોખમાય તેવા સુત્રોચ્ચાર કરી શકાશે નહી.
(૪) ધરણા કાર્યક્રમ સમયસર પુર્ણ કરવાના રહેશે.
(૫) ધરણા કાર્યક્રમમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની રહેશે
(૬) ટ્રાફીકને અડચણરૂપ ન બને તે રીતે ધરણા કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.
(૭) ધરણા કાર્યક્રમમાં લાઠી અગર ઈજા થાય તેવા હથીયાર વિસ્ફોટક કે આગ લાગે તેવા પદાર્થ રાખી શકાશે નહી.
(૮) મે.કલેકટર સાહેબના જાહેરનામાનો ભંગ ન થાય તે ધ્યાને લેવાનું રહેશે.
(૯) ધરણા કાર્યક્રમ કોવીડ–૧૯ની ગાઈડ લાઈનનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

નં.પી.ઓ.એલ/વશી/૮૨/૨૧
મામલતદાર કચેરી (શહેર)
નડીઆદ તા.૩૦/૯/૨૦૨૧

મામલતદાર
અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
નડીઆદ (શહેર)

પ્રતિ,
પ્રમુખશ્રી ડી.જી.ગઢવી
નડીઆદ તલાટી મંડળ નડીઆદ

જય ભારત સહ નકલ રવાના :– પોલીસ ઈન્સ્પેકટરશ્રી નડીઆદ ટાઉન પોલીસ સ્ટેશન નડીઆદ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

M.A.G. LETTER –A4



Scanned with CamScanner

# મલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,ગળતેશ્વર

ઠે. તાલુકા સેવા સદન,પ્રથમ માળ,મુ.સેવાલીયા તા.ગળતેશ્વર,જિ.ખેડા

ફોન નં.(ઓ) ૦૨૬૯૯-૨૩૩૦૫૩ E-MAIL :-mam-galt-kheda@gujarat.gov.in


નં.પીઓએલ /વશી/૬૨૩૦/૨૦૨૧ તા. ૩૦/૯/૨૦૨૧

## તા. ૦૧/૧૦/૨૦૨૧ ના રોજ ધરણા કાર્યક્રમની પરવાનગી

પ્રમુખશ્રી એ.આર.રાઉલજી, તલાટી મંડલ ગળતેશ્વર દ્વારા તલાટી કમ મંત્રી સંવર્ગના પડતર પ્રશ્નોના ઉકેલ માટે તા.૦૧/૧૦/૨૦૨૧ સવારના ૧૦:૩૦ થી સાંજના ૬:૧૦ કલાક સુધી ધરણા કાર્યક્રમની પરવાનગી માંગેલ છે. જે અંગે પો.સ.ઇ.શ્રી સેવાલીયા પોલીસ સ્ટેશને તા.૩૦/૯/૨૦૨૧ થી અભિપ્રાય આપેલ છે. જેથી નીચે જણાવેલ શરતોને આધિન રહી પરવાનગી આપવામાં આવે છે.

શરતો:-

૧. ધરણા કાર્યક્રમ તાલુકા પંચાયત કચેરીના કંપાઉન્ડ, સેવાલીયા.

૨. ધરણા કાર્યક્રમમાં જાહેર સુલેહશાંતિ જોખમાય તેવા સુત્રોચાર કરી શકશે નહિ.

૩. ધરણા કાર્યક્રમ સમયસર પુર્ણ કરવાના રહેશે.

૪. ધરણા કાર્યક્રમમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની રહેશે.

૫. ટ્રાફીકને અડચણરૂપ ન બને તે રીતે ધરણા કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

૬. ધરણા કાર્યક્રમમાં લાઠી અગર ઇજા થાય તેવા હથિયાર વિસ્ફોટક કે આગ લાગે તેવા પદાર્થો રાખી શકશે નહિ.

૭. મે.કલેકટર સાહેબના જાહેરનામાનો ભંગ ન થાય તે ધ્યાને લેવાનું રહેશે.

૮. ધરણા કાર્યક્રમ કોવિડ -૧૯ ની ગાઇડલાઇનનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ગળતેશ્વર, જિ. ખેડા.

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ગળતેશ્વર

પ્રતિ,

પ્રમુખશ્રી
એ.આર.રાઉલજી
ગળતેશ્વર તલાટી મંડળ

નકલ જય ભારત સહ રવાના : પો.સ.ઇ.શ્રી સેવાલીયા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

Scanned with CamScanner

# મામલતદાર કચેરી ઠાસરા

ડાકોર સેવાલિયા રોડ ,મુ.તા.ઠાસરા જિ ખેડા

(ઓ) 02699-223053 (ફેક્સ) – 02699-222659 Email -


## સાર્વજનિક જગ્યાએ ધરણાં અંગેની પરવાનગી

સને-૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનીયમની કલમ-૩૩ની પેટાકલમ -૧ આર ની પેટાકલમ-૩ અન્વયે ખેડા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ કરેલા સને-૧૯૫૧ ના જુન મહિનાની તારીખ-૩ થી,અધિસૂચના નં. ૧ અન્વયે પ્રમુખશ્રી,તલાટી મંડળ,ઠાસરાનાઓએ ઉપરના નિયમ મુજબ ઠાસરા તાલુકા પંચાયત કમ્પાઉન્ડમાં તા. [illegible] ના રોજ બપોરે ૧૨ ૩૦ કલાકે કોવીડ-૧૯ ના નિયમોનું પાલન કરવાની બાંહેધરી સાથે ધરણાંની મંજુરી આપવા વિનંતી કરેલ છે. મે.અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ,ખેડા-નડીઆદના હુકમ નં.-પી.ઓ.એલ.(૧)/ વશી/૨૭૭૨,તા.૦૭/૦૬/૨૦૨૧ થી મામલતદારશ્રીની કચેરીના કંપાઉન્ડ તથા કંપાઉન્ડની બહારની ૨૦૦ મીટરની ત્રીજ્યાના હદ વિસ્તારમાં પરવાનગી વિના પ્રતિક ઉપવાસ અને ધરણાં જેવા કૃત્યો કરવાં પ્રતિબંધ ફરમાવેલ છે.

મે.જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ,ખેડા-નડીઆદનાઓએ પણ કોવીડ-૧૯ ની સંક્રમણની બાબતો ધ્યાને લઈ હુકમ નંબર -પીઓએલ(૧)/વશી ૩૮૦૩,તા.૩૦/૦૭/૨૦૨૧ ના જાહેરનામાંથી કેટલાંક નિયંત્રણો મુકેલ છે.પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી ઠાસરાનાઓએ સરકારશ્રીની ગાઈડલાઈન તથા મે.કલેકટરશ્રી,ખેડા-નડીઆદનાઓના વખતોવખતના જાહેરનામા મુજબ હાલમાં ચાલી રહેલ કોવીડ-૧૯ની પરિસ્થિતિ ધ્યાને લઈ પરવાનગી આપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.સબબ તાલુકા પંચાયત કચેરી,ઠાસરાના કંપાઉન્ડથી ૨૦૦ મીટરની ત્રિજ્યાના હદવિસ્તાર બહાર ધરણા યોજવા નીચેની શરતોને આધિન આથી પરવાનગી આપવામાં આવે છે.

**શરતો: –**

(૧) સરકારશ્રીની કોવીડ-૧૯ની અધ્યતન સુચનાઓ તથા મે.જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ,ખેડા-નડીઆદનાઓના હુકમ નંબર – પીઓએલ(૧)/વશી/૩૮૦૩,તા.૩૦/૦૭/૨૦૨૧ ના જાહેરનામાંની કોવીડ-૧૯ અંગેની જોગવાઈઓની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

(૨) ધરણાંમાં ભાગ લેનાર તમામે ફેસકવર, માસ્ક અને સોશીયલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) ટ્રાફીક તથા જાહેર જનતાને અગવડતા ના પડે તે મુજબ ધરણાંનો કાર્યક્રમ યોજવાનો રહેશે.

(૪) ધરણાં કાર્યક્રમમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની રહેશે.

(૫) ધરણાં કાર્યક્રમમાં લાઠી અગર ઈજા થાય તેવા હથીયાર વિસ્ફોટક કે આગ લાગે તેવા પદાર્થ રાખી શકાશે નહી.

(૬) પરવાનગી આપેલ સ્થળ સિવાયના સ્થળે કાર્યક્રમ યોજી શકાશે નહી.

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર ઠાસરા

Executive Magistrate THASRA

નં.પીઓએલ/વશી/
મામલતદાર કચેરી, ઠાસરા
તા.૩૦/૦૯/૨૦૨૧

પ્રતિ,
પ્રમુખશ્રી,
ઠાસરા તાલુકા તલાટી મંડળ

**નકલ સવિનય રવાના : –** (૧)માન. જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ,ખેડા- નડીઆદ તરફ જાણ થવા વિનંતી સહ.
(૨)માન.જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,ખેડા- નડીઆદ તરફ જાણ થવા વિનંતી સહ.
(૩)માન. સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ,સાહેબ ઠાસરા તરફ જાણ થવા વિનંતી સહ.

**નકલ રવાના : –** પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી,ઠાસરા તરફ

૨/- સદર કાર્યક્રમ અન્વયે જરૂરી પોલીસ બંદોબસ્ત ફાળવવા અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા તથા સરકારશ્રીની કોવીડ-૧૯ અંગેની પ્રવર્તમાન તમામ ગાઈડલાઈન્સ મુજબની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરાવવા સારૂ


Scanned with CamScanner

Scanned with CamScanner